"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat. India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7552 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.

તા: ૦૯/૦૬/૨૦૧૭

સુરત

તંત્રી શ્રી, ______________________

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ ગોમતીબેન હિરજીભાઈ ઈટાલીયાના પરિવારે કિડની અને લિવરનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી.**

નામ: ગોમતીબેન હિરજીભાઈ ઈટાલીયા ઉ. વ. ૭૦ બ્લડ ગ્રુપ: O+ve

રહેવાસી: ૧૬, શાંતિવન સોસાયટી, છાપરાભાઠા રોડ, અમરોલી, સુરત.

મૂળ રહેવાસી : ગામ. મણાર, તાલુકો. તળાજા, જી. ભાવનગર

કૌટુંબિક વિગત : પુત્રો: ૧. મનસુખભાઈ હિરજીભાઈ ઈટાલીયા ઉ. વ. ૫૦
વ્યવસાય: ગામમાં ખેતી કરે છે.
૨. કાનજીભાઈ હિરજીભાઈ ઈટાલીયા ઉ. વ. ૪૫
વ્યવસાય:ગામમાં ખેતી કરે છે.
3. જયસુખભાઈ હિરજીભાઈ ઈટાલીયા ઉ. વ. ૪૨
વ્યવસાય: અમરોલીમાં અનાજ કિરાણાની દુકાન ચલાવે છે.

૨...

Nilesh Mandlewala, President, +91 98256 09922 | Sandeep Kumar, IRS, Vice President, +91 81307 83031 | Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349 | Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



**બનાવની વિગત:**

બુધવાર,તા: ૭ જુન ૨૦૧૭ ના રોજ ગોમતીબેન સવારે ૧૧:૦૦ કલાકે પોતાના ઘરમાં દાદર પરથી પડી જતાં માથામાં ઈજા થવાથી બેભાન થઇ ગયા હતા. તેથી તેમને અમરેલીમાં આવેલ જીવન જ્યોત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે તેમને વિનસ હોસ્પિટલમાં(અશક્તાશ્રમ હોસ્પિટલ) ડૉ. પ્રફુલ છાસટીયાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે CT સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

ગુરુવાર તા. ૦૮ જુન. ૨૦૧૭ ના રોજ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ન્યુરોફીજીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકીયા, ફીજીશ્યન ડૉ. પ્રફુલ છાસટીયાએ ગોમતીબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

ડૉ. પ્રફુલ છાસટીયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી ગોમતીબેનના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ગોમતીબેનના પુત્ર જયસુખભાઈ, પરિવારના લક્ષ્મણભાઈ, ધીરુભાઈ તેમજ અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે અમારા વડીલ ખુબજ સેવાભાવી હતા. આજે તેઓ બ્રેનડેડ છે ત્યારે તેઓના અંગોનું દાન કરીને બીજાને નવ જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7552 Dt. 01-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની મોરબીના રહેવાસી મહેશ રવજીભાઈ વડગામા ઉ.વ. ૫૩ માં અને બીજી કિડની રાંચી, ઝારખંડના રહેવાસી શૈલેન્દ્ર લક્ષ્મીપ્રસાદ કુમાર ઉ. વ. ૫૦માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લિવર વલસાડના રહેવાસી સુરેશ પરષોત્તમભાઈ કિશ્નાની ઉ. વ. ૫૩માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો. જમાલ રિઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં ગોમતીબેનના પુત્ર જયસુખભાઈ, પરિવારના અન્ય સભ્યો લક્ષ્મણભાઈ, ધીરૂભાઈ, ફીજીશ્યન ડો. પ્રફુલ છાસટીયા, ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા, ન્યુરોફીજીશ્યન ડો. ભાવેશ માંગુકીયા, ડો. ભરત પરસાણા, ડો. નીલેશ કુંભાર, વિનસ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૦૧ કિડની, ૭૭ લીવર, ૫ પેન્ક્રીઆસ, ૧૧ હૃદય અને ૧૭૬ ચક્ષુઓનો દાન મેળવીને ૪૬૮ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961